મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૫ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં વરસાદના પ્રારંભે દસ ટુ-વ્હીલર ચાલકો સ્લીપ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં આમ પણ માર્ગ અકસ્માત વધુ પ્રમાણમાં થાય છે. ત્યારે વરસાદી દિવસોમાં વાહનો સ્લીપ થતા વાહન ચાલકો અચાનક જ અકસ્માતને ભેટે છે. આજે પણ વરસાદી છાંટણા સાથે શહેરના માર્ગોનો ભીંજાતા અકસ્માતના ૧૦ બનાવો બન્યા હતા. માર્ગો પર જતા વાહન ચાલકો સ્લીપ થતા તેમને શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

શહેરમાં આડા દિવસોમાં માર્ગ અકસ્માત વધુ થાય છે. બેફામ જતા વાહન ચાલકો ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે શહેરમાં પૈડા પરની જીંદગી જોખમાઈ છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોમાં પણ અકસ્માતો વધુ થાય છે. આજે વરસાદી છાંટણા સાથે નગરના વિવિધ માર્ગોપર જતા ૧૦ જેટલા વાહન ચાલકો સ્લીપ થતા તેમને શરીરના ભાગે ઈજાઓ થવા પામી હતી. વરસાદના છાંટણા સાથે નગરના માર્ગો પર ભીંજારો લાગતા વાહન ચાલકોએ કાબુ ગુમાવતા સ્લીપ થવાના બનાવો બનવા પામ્યા હતા. એક બાજુ આકરી ગરમી વચ્ચે વરસાદનું આગમન થતા નગરજનો ભીંજાવાની મજા લેવા નીકળી પડ્યા હતા. બીજી તરફ વરસાદી વાયરા સાથે શહેરમાં માર્ગ સલામતી જોખમાઈ હોવાનું ધ્યાને આવ્યું છે. વરસાદના સંજોગોમાં વાહન ચાલકો સ્લીપ થતા કેટલાક કિસ્સામાં ગંભીર ઈજાઓ પણ થવા પામી હતી. વધુમાં માર્ગો પર કેટલાક ઠેકાણે વાહનોમાંથી ટપકતા ઓઈલને પગલે પણ વાહન સ્લીપ થઈ જતા હોવાના કિસ્સા પણ ધ્યાને આવ્યા હતા. ઈજાગ્રસ્તોને નગરની સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી કલીનીકમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

## વાતવાતમાં

● નવા સચિવાલય ખાતે સચિવાલય એમ્પ્લોઈઝ યુનિયનના હોદ્દેદારોની ચુંટણી યોજાઈ હતી. આ ચુંટણીમાં મતદાન સમયે શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં રહેશે કે ભાજપમાં આવશે તે મુદ્દો મતદાન કરવા આવેલા કર્મચારીઓમાં ભારે ચર્ચાસ્પદ બન્યો હતો.

● ગાંધીનગરના વિવિધ ભાગોમાં દિવસ દરમિયાન બે ત્રણ વાર વરસાદી ઝરમરિયાં સ્વરૂપે વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક સાથે આહલાદક ખુશ્બુ ફેલાઈ જતા નગરજનોમાં પ્રસન્નતા વ્યાપી હતી.

## રાયસણની સોસાયટીમાં પ્રદુષિત પાણીનો ભરાવો : રહીશો પર રોગચાળાનો ખતરો

ગાંધીનગર, તા.૨૨

રાયસણ પેટ્રોલ પંપ પાછળ સ્થિત સોસાયટીઓમાં પ્રદુષિત પાણીનો ભરાવો થતા સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. પેટ્રોલ પંપ પાછળ સ્થિત પ્રમુખ એલીગન્સ અને હરીધામ સોસાયટીમાં છેલ્લા ઘણા દિવસથી ગંદુ અને પ્રદુષિત પાણી છોડવામાં આવે છે જેના લીધે આ વિસ્તારમાં ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરો તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. આ વિસ્તારમાં ૩૫૦ જેટલા કુટુંબનો વસવાટ છે ત્યારે સ્થાનિક રહીશોની આરોગ્ય સુખાકારી ન જોખમાય તે માટે ત્વરીત પગલા લેવા જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ ગુડાના ચેરમેનને રજુઆત કરવામાં આવી છે.

ન્યુ ગાંધીનગરમાં સ્થિત રાયસણ પેટ્રોલ પંપ પાછળ આવેલ પ્રમુખ એલીગન્સ, પ્રમુખ સિગ્નેચર, તેમજ હરીધામ એન્કલેવ સોસાયટી વચ્ચેના ટીપી રોડ ઉપર પ્રદુષિત પાણીનો ભરાવો થાય છે. આ વિસ્તારમાં પ્રદુષિત પાણી ઉભરતા અસહ્ય ગંદકી ખદબદી રહી છે. જેના લીધે સ્થાનિક રહીશોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. આ વિસ્તારમાં અંદાજીત ૩૦૦ કુટુંબો વસવાટ કરી રહ્યા છે. ગંદકી અને પ્રદુષિત પાણીના ભરાવાના લીધે મચ્છરો તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે આવા સંજોગોમાં કમળો, ટાઈફોઈડ અને મેલેરીયા જેવો રોગચાળો માથું ઉંચકે તેવી પ્રબળ દહેશત પ્રવર્તિ છે. આ સ્થિતિને નિવારવા તંત્રના અધિકારીઓ સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવી ત્વરીત અસરથી યોગ્ય પગલા લે તેવી માંગ ઉઠવા પામી છે. આ મામલે સ્થાનિક રહીશોએ જિલ્લા આરોગ્ય અધિકારી ઉપરાંત મ્યુ. કમિશનર તેમજ ગુડાના ચેરમેનને પણ રજુઆત કરી છે.

## સે-૮ આદર્શ નિવાસી શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૨

આજથી સમગ્ર રાજયમાં શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો છે. જે અંતર્ગત ગાંધીનગરના સેકટર-૮માં આવેલી આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર)માં ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રવેશવિધી ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેના હસ્તે સંપન્ન કરાઈ હતી.

આ પ્રસંગે ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતાં પરિવારના સંતાન પણ શિક્ષણથી વંચિત ન રહી જાય અને રાજયના દરેક બાળકનું નામાંકન થાય તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનાં કાર્યક્રમ આરંભ કર્યો હતો. જેની ફલશ્રુતિ રૂપે શિક્ષણ અંગેની જાગૃતિ આવી છે.

ગુડાના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે, પાટનગરના હાર્દસમા વિસ્તારમાં આવેલી આ છાત્રાલયમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી તમે સૌ ભણવા આવ્યા છો, ત્યારે આપ સૌ પોતપોતાના વિસ્તારની સંસ્કૃતિની માહિતી એકબીજા સાથે આપ લે કરશો, તો પણ આપ તમામ વિદ્યાર્થીઓ ગુજરાતને સારી રીતે જાણી શકશો. તેમણે સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈ જવા સર્વે વિદ્યાર્થીઓને હાંકલ કરી હતી. સ્વચ્છતા રાખવાથી થતાં વિવિધ ફાયદાઓની વાત કરી સર્વે વિદ્યાર્થીઓને વૃક્ષોનું જતન કરવા અને નવા વૃક્ષોનો ઉછેર કરવા પણ ખાસ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુડાના ચેરમેન શ્રી દવેના હસ્તે ધોરણ-૯ માં ૩૫ બાળકોની પ્રવેશવિધી શૈક્ષણિક કિટસ આપીને સંપન્ન કરાઈ હતી. મહાનુભાવોએ શાળા સંકુલમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. શાળાના તેજસ્વી તારલાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી આર.પી.જોષી, શિક્ષણ નિરીક્ષક શ્રી ભરતદાન ગઢવી, ગાંધીનગર શહેરના યુવા અગ્રણી શ્રી જીગ્નેશ ઠક્કર સહિત મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સિધ્ધાર્થ લો કોલેજના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૨૨

સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરના આચાર્ય ડો. દિલિપ મેવાડા જણાવે છે કે સિધ્ધાર્થ લો કોલેજમાં સેમેસ્ટર-૩ અને ૫ ના નિયમિત અભ્યાસના વર્ગો શરુ થઈ ગયા છે તો દરેક વિદ્યાર્થીઓને કોલેજના સમય અનુસાર નિયમિત વર્ગમાં ફરજીયાત હાજર રહેવા કોલેજના આચાર્યએ જણાવ્યું છે.

## આંજણ-ચૌધરી સમાજના વિસરતા સૂરની અનોખી હરિફાઇ ૨૫મીએ યોજાશે

ગુજરાત રાજયમાં વસતા આંજણા-ચૌધરી સમાજના લગ્ન, મરણ, ગૌરીવ્રત, નવરાત્રિ, જન્માષ્ટમી, ગ્રામદેવતા અને વર્ષા વધામણા જેવા ગીતો વિશિષ્ટ શૈલીમાં ગવાતા હતા. આ વિરલ વારસો અને જુના-પુરાણા સાંસ્કૃતિક ગીતો લુપ્ત થવાના આરે છે. ગુજરાતના ચૌધરી સમાજની આ વિસરાતી સંસ્કૃતિથી આજની ભાવી પેઢી ઉજાગર કરવા ગાંધીનગરમાં શ્રી મણિભાઈ પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેરો કાર્યક્રમ ગોઠવીને વિસરતા સૂરની અનોખી હરિફાઈ સ્પર્ધા તા. ૨૫ જૂન, ૨૦૧૭ના રોજ ગાંધીનગરની સીવીલ હોસ્પીટલના હોલમાં સવારના ૮.૦૦ કલાકે યોજાશે.

આ પ્રસંગે આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, સાહિત્યકાર શ્રી ડાં. રઘુવીરભાઈ ચૌધરી, ગાંધીનગર અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી, શિકાગો ચૌધરી સમાજના પ્રમુખ શ્રીમતી સંગીતા કિરણ ચૌધરી ઉપસ્થિત રહેશે. વિસરતા સૂરની અનોખી હરિફાઈ સ્પર્ધામાં વિવિધ જિલ્લામાંથી પાલનપુર, પાટણ, વિસનગર અને ઈડર ઝોનમાંથી શ્રેષ્ઠ કૃતિ પ્રદાન કરનાર અને પ્રથમ નંબરે આવેલ ૨૨ જેટલી વિજેતા ટીમો આ ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેશે.

## શહેરમાં નમો નચાવે એને કોણ બચાવે નાટક યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરની સ્વૈચ્છીક સંસ્થા શિવધરા ફાઉન્ડેશન ગાંધીનગરના કલ્ચરલ ગૃપ પરિચય મારો, તમારો અને આપણો પરિવારના પ્લેટફોર્મ ઉપર તેઓ દ્વારા સહર્ષ રજુ કરવામાં આવનાર છે. જેને મુંબઈમાં હાસ્યમાં સર્જીકલ સ્ટ્રાઈક કરી છે તેવું કોમેડી નાટક નમો નચાવે એને કોણ બચાવે આગામી તા. ૨૫ જૂનને રવિવારના રોજ રાત્રે ૯ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

## સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સેકટર-૨૩ શાખા તથા ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૪ના કોર્પોરેટર નિલાબેન મુકેશભાઈ શુકલ દ્વારા તા.૨૫ જૂનને રવિવારના રોજ ગાંધીનગર ખાતે નીકળનાર ભગવાન જગ્નાથજીની રથયાત્રાનું સેકટર-૨૩માં કડી સ્કુલ ચોક પાસે નાના શોપીંગ ખાતે સાંજે ૫.૩૦ વાગે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સમસ્ત બ્રહ્મસમાજ પરિવાર અને વસાહતીઓ સાથે પૂજન વિધિ અને હારતોરા સાથે સ્વાગત અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજ પરિવારે ઉપસ્થિત રહેવા સે-૨૩ બ્રહ્મ સમાજના આગેવાન નરેન્દ્ર વ્યાસે અનુરોધ કર્યો છે.

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક-ચોપડા-પેનો-પેન્સિલોનું વિતરણ




પ.પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીનાં દીક્ષા પર્વનાં ૬૦ વર્ષ પૂર્ણ થાય છે. આ નિમિત્તે વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેનો, પેન્સિલોનું વિનામૂલ્યે સદભાવ સહ વિતરણ કરવાનું સત્કાર્ય ચાલી રહ્યું છે, જે અંતર્ગત સે-૨૪ની સરકારી શાળા-૧ માં ગાંધીનગરના મા. મેયરશ્રીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેન, પેન્સિલ વગેરેનું વિતરણ કરાયું હતું.

આ ઉપરાંત સરકારી શાળા જેવી કે સે-૧૬, સે-૨૩, આદિવાડા, ફતેપુરા, ઉનાવા તેમજ મહેસાણા જીલ્લાના બાંન્ટાઈ ગામની સરકારી પ્રાથમિક તથા માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને પણ વિના મૂલ્યે ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેન, પેન્સિલ વગેરેનું વિતરણ કરાયું હતું.



અડાલજ નજીક અંબાપુર ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં તરતો મૃતદેહ દેખાતા ગામના મહેશજી ઠાકોરે અડાલજ પોલિસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલિસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતાં. આશરે ૩૫ થી ૪૦ વર્ષીય બિનવારસી યુવાનના મતદેહને પી.એમ. માટે મોકલી અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિલીપસિંહ ઝાલા**
**પીએ ટુ એક્ઝિક્યુટીવ ચેરમેન, સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિ, ગુજરાત રાજ્ય**

**ગાંધીનગર ગમે**

સુંદરતા, સુવિધા, સાલસતા, સરળતા અને સંસ્કૃતિને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત અને એકબીજાને સહાયભૂત થાય એવાં સંવેદનશીલ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં કરવામાં આવતી સેવાની પ્રવૃત્તિઓથી ખૂબ પ્રભાવિત છું. ઉપરાંત, કલા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ પણ ગમે.

જી ઈ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, આપણું ફાઉન્ડેશન, કીપ સ્માઈલિંગ ગૃપ, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી જેવી સંસ્થાઓનાં કાર્યો ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સેવાકાર્યો અનેક સંસ્થાઓ અનેક રીતે કરી રહી છે. આ સૌના સંકલન માટે એક તંત્ર અથવા વ્યવસ્થા ઊભી થાય તો સેવાકાર્યો સૌ જરૂરિયાતમંદોને એકસરખી રીતે પહોંચી શકે.

**નગર માટે હું કરી શકું**

સેવાકાર્યો માટે મારી સેવા આપવા માટે હું તૈયાર છું.

## એક કરોડ દહેજ માંગીને ત્રાસ આપતા સાસરીયા સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

મોટી આદરજ ગામની પરિણીતાએ તેણીના પતિને બાદ કરી સાસુ, સસરા, દિયર અને નણંદ સામે શારિરીક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ પેથાપુર પોલિસ સ્ટેશનમાં નોંધાવી છે. રૂ. ૧ કરોડ દહેજની માંગણી કરી અવારનવાર ત્રાસ આપી ગઈ કાલે મારઝુડ કરી હોવાની ફરિયાદને પગલે પેથાપુર પોલિસે તપાસ શરુ કરી છે.

પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામમાં રહેતી દેવાંગી વિપુલભાઈ પરમારના લગ્ન ચાર વર્ષ પહેલા થયા હતા. લગ્ન બાદ છેલ્લા ઘણા સમયથી દેવાંગીના સાસુ દક્ષાબેન ભીખાભાઈ પરમાર, સસરા ભીખાભાઈ ગંગાભાઈ પરમાર, દિયર ધિરેન ભીખાભાઈ પરમાર અને નણંદ અંકિતા શૈલેષભાઈ પરમાર મળીને રૂ. ૧ કરોડ દહેજ લાવવાની માંગણી કરી શારિરીક-માનસિક ત્રાસ આપતા હતાં. ગઈ કાલે ગડદાપાટુનો માર મારતા પરિણીતાને હોસ્પિટલ લઈ જવી પડી હતી. જે અનુસંધાને દેવાંગીએ સાસુ-સસરા, દિયર અને નણંદ સામે પેથાપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

## ચૌધરી નર્સિંગ કોલેજમાં યોગ દિવસ ઉજવાયો



સેકટર-૭માં ચૌધરી ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં ગુજરાત કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક પ્રો.આઈ.આર. પંડયા, નિરમા યુનિવર્સિટીના પ્રાધ્યાપક પ્રો. ઉમેશ કોહલી તથા નિવૃત્ત આર્મી ઓફિસર રાજશ્રીબેન વિશેષ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. યોગ અને પ્રાણાયામ દ્વારા મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના જનરલ સેક્રેટરી માધુભાઈ ચૌધરી, પ્રિન્સિપાલ મયુક જૈન તેમજ ફેકલ્ટી મેમ્બર્સ હાજર રહ્યા હતાં.

## પ્રાથમિક શિક્ષકો માટેની સ્કોપની વિના મૂલ્યે તાલીમ

ગાંધીનગર, તા.૨૨

પ્રાથમિક શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધે તે માટે તેમજ તેમનું અંગ્રેજી વધુ સમૃદ્ધ બને તે માટે જીસીઈઆરટી પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર ખાતે જિલ્લા પંચાયત હસ્તકની શાળામાં ફરજ બજાવતાં શિક્ષકો માટે વિના મુલ્યે સ્કોપની ૬૦ કલાકની અંગ્રેજી સમૃદ્ધ થાય તે માટેની તાલીમ શાળા સમય બાદ શિક્ષકોના અનુકુળ સમયે તાલીમ વર્ગ શરુ કરવામાં આવેલ છે. જે માટે શિક્ષકોને સમગ્ર શૈક્ષણિક કીટ ફ્રી સાથેની તાલીમ આપવામાં આવશે. આથી જે શિક્ષકો આ તાલીમ લેવા ઈચ્છતા હોય તેમણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગરનો કોન્ટેકટ નંબર ૯૪૨૯૧૭૫૬૦૩ પર સંપર્ક કરે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

## માઉન્ટ કાર્મેલમાં ધો-૯ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ-૯માં પ્રવેશેલા વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન ગુજરાત રાજ્ય સરકારના મુખ્ય સચિવ શ્રી. ડૉ. જગદીપ નારાયણ સિંઘ (IAS), મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી.જે.બી. બારૈયા સાહેબ, CRC કૉ-ઓર્ડીનેટર શ્રી અશોકભાઈ ચૌધરી તથા જીલ્લા શિક્ષણાધીકારી શ્રી.એસ.એમ. બારડ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત 'મનુષ્ય તું બડા મહાન હૈ...' ગૌરવગાનથી




કરવામાં આવી. ત્યારબાદ, દેશભક્તિ ગીત રજૂ કરાયું હતું. ધ્યાન અને યોગનું મહત્વ બતાવતા વિવિધ યોગાસને રજૂ કરવામાં આવ્યા હતા. ધોરણ-૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી વિનામુલ્યે પુસ્તક વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ધો-૧૦ અને ૧૨ના માર્ચ ૨૦૧૭માં શાળામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 'વૃક્ષો નું મહત્વ' તથા 'બેટી બચાવો' પર અમૃત વચનો રજૂ કર્યા હતા.

'સરસ્વતી સાધના યોજના' અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતી વિકાસ વિભાગ તરફથી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. જગદીપ નારાયણ સિંઘે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે માઉન્ટ કાર્મેલ શાળામાં વ્યક્તિત્વ વિકાસ ને પ્રાધાન્ય આપવામાં આવે છે અને સાચા માનવી બનવા પોતાના પ્રેરણાત્મક મંતવ્યો રજૂ કર્યા હતા. ત્યારબાદ, શાળાના ઈકો ગાર્ડનમાં વૃક્ષારોપણ કરાયું હતું. શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. શિલ્પા બિનીત દલાલ, ઉ.વ. ૪૭
- સ્વ. કનૈયાલાલ રણછોડલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૪